ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# હવે, શિક્ષણનું બજેટ દિવાળી કરતાં પણ વધતું જાય છે

## સ્કૂલ ફી, ટ્યુશન ફી થી લઈને સ્ટેશનરી પાછળ વાલીઓને જૂન મહિનામાં ખુબ ખર્ચ થાય છે



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૭

જૂન મહિનાથી અકળાવનારી ગરમીમાં વાલીઓને બાળકો પાછળ થતો ખર્ચ વધુ પરસેવો પડાવે છે. દિવાળીમાં જેટલો ખર્ચ થાય છે તેના જેટલો જ ખર્ચ જૂન મહિનામાં ઉઘડતી સ્કૂલે થાય છે. એક બાળક પાછળ આઠ થી દસ હજાર ખર્ચવાની તૈયારી રાખવી પડે છે.

બાળકોનું શિક્ષણ દિન પ્રતિદિન મોંઘુ બની રહ્યું છે. મોંઘવારીના સમયગાળામાં મોંઘીદાટ ફી અને અન્ય ખર્ચા વાલીઓને ખર્ચના ખાડામાં ઉતારી દે છે. મધ્યમ વર્ગીય પરિવારો માટે તો આ ખર્ચને કેવી રીતે પહોંચી વળાય તેની ભાંજગડ કરવી પડે છે. દિવાળીમાં જેમ ખર્ચો વધી જાય છે તેમ ઉઘડતી સ્કૂલે વાલીઓ માથે વધારાના ખર્ચનો બોજ શિક્ષણના સ્વરૂપે આવી પડે છે. નોન-ગ્રાન્ટેડ-હાઈફાઈ સ્કૂલોની વાત તો દૂર રહી પરંતુ હવે તો ગ્રાન્ટેડ શાળાઓની ફી પણ એટલી બધી થઈ ગઈ છે કે બાળકોને હવે ક્યાં ભણાવવા તેનો પ્રશ્ન વાલીઓને સતાવે છે. વળી ઘણી સ્કૂલોમાં તો આખા વર્ષની એડવાન્સ ફી ભરવાનું ચલણ હોઈ વાલીઓ માટે એક સાંધો ત્યાં તેર તુટે જેવી સ્થિતિ સર્જાય છે. માત્ર સ્કૂલ ફી નહી પરંતુ ટ્યુશન ફી, બુકસ, સ્ટેશનરી, યુનિફોર્મ, સ્કૂલબેગ, લંચ બોક્સ, વોટર બોટલ અને બાળકોના ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ પણ જૂન મહિનામાં જ વાલીઓને ભોગવવો પડે છે. બે બાળકો કે તેથી વધુ બાળકો હોય તો ખર્ચ બે ગણો-ત્રણ ગણો થવા માંડે છે. બાળક જો બોર્ડમાં હોય તો ખર્ચો વધી જાય છે. જો એડવાન્સ પ્લાનીંગ ન કર્યું હોય તો ઉઘડતી સ્કૂલે માથે આવતા આ ખર્ચને પહોંચી વળવા માટે વાલીઓને ખુબ મુશ્કેલી પડે છે.





વળી આજકાલ તો બાળકો પણ દેખાદેખીમાં દર વર્ષે નવુ યુનિફોર્મ, નવુ દફતર, નવી વોટર બોટલ, લંચબોક્સની માંગણી કરતા નજરે પડે છે. બાળકોની નીતનવી માંગણી પુરી કરવા માટે વાલીઓને પણ ખુબ એડજસ્ટમેન્ટ કરવા પડે છે. મધ્યમ વર્ગીય કર્મચારીઓ આ ખર્ચને પહોંચી વળવા એડવાન્સની માંગણી પણ કરી રહ્યા છે. જેમ ફેસ્ટીવલ એડવાન્સ અપાય છે તેમ એજ્યુકેશન એડવાન્સ અપાય તેવું કર્મચારીઓ ઈચ્છી રહ્યા છે.

# આકરા બફારાના પગલે ઉન્વાની બિમારીનું પ્રમાણ વધ્યુ

## પરસેવાના લીધે પાણી વધુ પીવા તબીબની સલાહ

ગાંધીનગર, તા.૭

દિવસના આકરા તાપ વચ્ચે અસહ્ય ઉકળાટ અનુભવતા શહેરીજનો બફારાથી ત્રાહીમામ પોકારી ગયા છે. પરસેવે ભીંજવતી ગરમીના લીધે બેચેન બનતા શહેરીજનોમાં ઉન્વાની બિમારીનું પ્રમાણ વધ્યું છે. ખાસ કરીને મહિલાઓમાં આ તકલીફ વિશેષ થતી હોવાનું પણ તબીબો જણાવી રહ્યા છે.

તાપમાનનો પારો ગગડયા પછી પણ વાતાવરણમાં ગરમીનો કબજો યથાવત છે. મહત્તમ તાપમાન ૪૦ ડીગ્રીની અંદર હોવા છતાં વાતાવરણમાં વધતા ભેજના લીધે પ્રવર્તેલા અસહ્ય ઉકળાટથી નાગરિકો આકુળવ્યાકુળ બન્યા છે બફારાથી ત્રસ્ત શહેરીજનો વરસાદની રાહ નિહાળી રહ્યા છે ત્યારે વળતા ઉનાળે આકરા ઉકળાટના લીધે જનઆરોગ્ય ઉપર વિપરિત અસર જોવા મળી રહી છે. ગરમીના દિવસોમાં ઝાડા ઉલટી શરદી તાવ તેમજ થ્રોટ ઈન્ફેકશનના દર્દીઓની સંખ્યા વધી રહી છે. જયારે પરસેવે ભીંજાતા શરીરના લીધે પાણીનું પ્રમાણ ઘટતા ઉન્વાની તકલીફ પણ વિશેષ રૂપે જોવા મળે છે. ડૉ. બત્રીશ સંઘવીએ આ અંગે જણાવ્યું હતું કે બફારાના દિવસોમાં પરસેવો વધુ થતા પાણીની ઘટ પડે છે. તેમાંય પાણી ઓછું પીવામાં આવે ત્યારે ઉન્વાની તકલીફ વધુ થાય છે. આ બિમારીમાં પેશાબમાં બળતરા થવાની સાથે અકળામણ વધી જાય છે જયારે મહિલાઓમાં આ તકલીફ વધુ જોવા મળે છે. ઉકળાટના દિવસોમાં પાણી વધુ પીવું પણ હિતાવહ છે.

# અસરકારક શિક્ષણ માટે જિલ્લાના ૬૦૦ શિક્ષકોની તાલીમ આરંભાઈ

ગાંધીનગર, તા.૭

રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન અન્વયે શિક્ષણનો અસરકારક બનાવવા તેમજ વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તે માટે જિલ્લાના ૬૦૦ શિક્ષકોને પાંચ દિવસીય તાલીમ આપવા વિવિધ પાંચ સ્થળોએ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન અન્વયે અગાઉ પ્રથમ તબક્કાની તાલીમ બાદ બાકી રહી ગયેલા શિક્ષકોને આવરી લેવા તાલીમ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય અને શિક્ષણની ગુણવત્તા સુધરે તે માટે માધ્યમિક વિભાગના શિક્ષકો માટે તા. ૫ થી ૯ જૂન દરમિયાન જિલ્લામાં વિવિધ પાંચ સ્થળોએ તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. જયારે આ અન્વયે વર્ગ સંયોજક તરીકે ૧૦ અધિકારીઓને જવાબદારી સોંપવામાં આવી છે. સહજાનંદ ગુરુકળ કોટેશ્વર, નાંદોલ કે.એ. ઠાકર હાઈસ્કુલ, કલોલમાં હીરામાણેક હાઈસ્કુલ, માણસામાં લોદરા હાઈસ્કૂલ તેમજ કોબામાં જી.ડી.એમ. હાઈસ્કૂલ ખાતે તાલીમ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. બીજા તબક્કાની આ તાલીમમાં જિલ્લાના ૬૦૦ શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીનું ગોવા ભવ્ય અભિવાદન

અમદાવાદ, તા.૭

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી આજે બપોરે પણજી (ગોવા) વિમાનીમથકે આવી પહોંચતા ગોવાના મુખ્યમંત્રી મનોહર પરિકર, પ્રદેશ ભાજપા અધ્યક્ષ વિનય તેંડુલકર સહિત પ્રદેશ પદાધિકારીઓ અને વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભાજપા કાર્યકર્તાઓએ તેમનું અભૂતપૂર્વ ઉત્સાહ-ઉમંગથી સ્વાગત કર્યું હતું. નરેન્દ્ર મોદી વિમાની મથકની બહાર આવતાં જ ઢોલ-નગારાં ત્રાંસા સાથે ગોવાની સાંસ્કૃતિક પરંપરા અનુસાર તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી ગોવામાં આજથી ત્રણ દિવસ માટે મળી રહેલી ભાજપા રાષ્ટ્રીય કાર્યકારીણીની બેઠકમાં ભાગ લેવા ગોવા પહોંચ્યા હતા.

# આપઘાત નિયંત્રીત કરવા ‘જીંદગી હેલ્પલાઈન’ આરંભાઈ

## ત્રણ વર્ષમાં બનેલા આપઘાતના બનાવોની સમીક્ષા કરીને રેન્જ આઈ.જી.એ એન.જી.ઓ.ની મદદ લઈને હેલ્પલાઈન ખુલ્લી મુકી : ગાંધીનગરના ૨૦ સ્યુસાઈડ પોઈન્ટ પર કાઉન્સીલર અને મનો ચિકીત્સકોના નંબર સાથેના હોર્ડીંગ્સ લગાવડાવ્યા



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૭

કારકિર્દીમાં નિષ્ફળતા, અભ્યાસમાં નબળા પરિણામ, પ્રેમ પ્રકરણ કે સામાજીક અને આર્થિક સહીતની વિવિધ સમસ્યાઓને પગલે આત્મહત્યાના બનાવોનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી ગયું છે ત્યારે ગાંધીનગર રેન્જ આઈ.જી.એ આ સંદર્ભે ગંભીરતાથી વિચારીને ‘સાથ’ નામની એન.જી.ઓ.ની મદદથી આપઘાતના બનાવોને નિયંત્રિત કરવાનો નવતર પ્રયાસ હાથ ધર્યો છે. આપઘાતના બનાવો ઘટાડવા માટે સરકારના સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત‘જીંદગી હેલ્પલાઈન’ શરૂ કરવામાં આવી છે. રેન્જ આઈ.જી. દ્વારા આજથી આ હેલ્પલાઈન ખુલ્લી મુકવામાં આવી છે. આપઘાતના બનાવો છેલ્લા ૩ વર્ષમાં કયા સ્થળોએ સૌથી વધુ બન્યા છે તેનો અભ્યાસ કરીને તે સ્થળો પર મોટા હોર્ડીંગ્સ લગાવી દેવામાં આવ્યા છે. જેમાં ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર ‘૧૦૯૧’ તથા એક મનોચિકિત્સકનો મોબાઈલ નંબર લખેલો છે. જે આપઘાત કરવા સ્યુસાઈડ પોઈન્ટ સુધી પહોંચેલી વ્યક્તિનું કાઉન્સીલીંગ કરીને નવી જીંદગી અર્પણ કરવાનો પ્રયાસ કરશે.

ડબલ્યુ.એચ.ઓ.ના રીપોર્ટ મુજબ દર વર્ષે દેશમાં એક થી સવા લાખ લોકો વિવિધ કારણોસર આપઘાત કરીને જીવન ટુંકાવે છે. આ પ્રમાણે જ લોકોમાં હતાશાનું અને નિરાશાનું પ્રમાણ વધતુ ગયું તો આ રેશીયો વર્ષ ૨૦૨૦માં કદાચ બમણો થઈ જશે તેવું ડબલ્યુ.એચ.ઓ.નું કહેવું છે. ગાંધીનગર રેન્જના ત્રણ જિલ્લાઓ ગાંધીનગર, મહેસાણા અને સાબરકાંઠા વિસ્તારમાં ત્રણ વર્ષમાં બનેલા આપઘાતના બનાવોના આંકડા મેળવીને રેન્જ આઈ.જી. સમશેર સિંઘે આ બાબતને ગંભીરતાથી લઈ આપઘાતના બનાવો ઘટાડવાના હેતુસર એક પ્રોજેક્ટ તૈયાર કરી જીંદગી હેલ્પલાઈન શરૂ કરી છે. આપઘાત જેવા સ્થળો પર સૌથી વધુ થાય છે. તેનું સ્ક્રીનીંગ કરીને તેવા સ્થળો પર જનજાગૃતિના અને આપઘાત કરતા પહેલા થોભી જઈને હેલ્પલાઈન નંબર પર કોલ કરવા નિર્દેશ કરતાં હોર્ડીંગ્સ લગાવવામાં આવ્યા છે. હેલ્પલાઈન નંબર-૧૦૯૧ અને મનોચિકિત્સકનો મોબાઈલ નં. ૯૪૨૬૬૭૧૦૯૬ બન્ને

● અનુસંધાન પાન-૭ પર

### કાઉન્સીલીંગની ટ્રેનીંગ પોલીસ સ્ટાફને પણ અપાશે

રેન્જ આઈ.જી. દ્વારા શરૂ કરવામાં આવેલી જીંદગી હેલ્પ લાઈન અંતર્ગત પોલીસને પણ કાઉન્સીલીંગની ટ્રેનીંગ આપવામાં આવશે. આપઘાત કરવા પહોંચી ગયેલ વ્યક્તિને બચાવવા માટે પોલીસ વાન મોકલવાનો સમય આવે તો તે પોલીસ પણ તે વ્યક્તિને હતાશા અને નિરાશામાંથી બહાર લાવવાના પ્રયાસ રૂપે કાઉન્સીલીંગ કરી શકે તે રીતે પોલીસ સ્ટાફને પણ તૈયાર કરવામાં આવશે.

### મહિલા પોલીસ સ્ટેશનમાં કાઉન્સીલીંગ સેન્ટર ઉભુ કરાયું

ગાંધીનગર જિલ્લામાં મહિલા પોલીસ સ્ટેશન ખાતે અલાયદુ કાઉન્સીલીંગ સેન્ટર ઉભુ કરવામાં આવ્યું છે. જ્યાં દિવસભર ‘સાથ’ એનજીઓના કાઉન્સીલર ઉપલબ્ધ રહેશે તે ઉપરાંત કાઉન્સીલીંગ કરી શકે તેવા મનોચિકિત્સકોની પણ સેવા લઈ આપઘાતના બનાવો ઘટાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

# પાણી પુરવઠાની લાઈન ૧.૨૫ કરોડના ખર્ચે અપગ્રેડ કરાશે

## સે-૧ થી ૩૦ ઉપરાંત શહેરી વિસ્તારના ગામોમાં કામ હાથ ધરાશે

ગાંધીનગર, તા.૭

શહેરના ૧ થી ૩૦ તેમજ શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં પાણી પુરવઠાની પાઈપલાઈન સંદર્ભે જરુરી કામગીરી હાથ ધરવામાં આવશે. આ કામગીરી પાછળ રૂ. ૧.૨૫ કરોડનો ખર્ચ કરવામાંઆવશે.

શહેરમાં પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવા કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. શહેરના નવ વિકસિત વિસ્તારમાં પાણી ફોર્સથી પુરું પાડવા સે-૫-ડીમાં પાણીની નવીન ટાંકી બનાવવા ઉપરાંત પાઈપલાઈન પણ નવી નાંખવામાં આવી છે. જયારે જૂના સેકટરોને અનુલક્ષી ચરેડી ખાતે પાણીની નવીન ટાંકી તેમજ પમ્પીંગ સ્ટેશનનું કામ પણ પૂર્ણ કરી દેવાયું છે. જેના અંતે હવે શહેરના તમામ સેકટરોમાં એક જ સમયે પાણીનો કોમન સપ્લાય આપવામાં આવે છે. જૂના સેકટરોમાં પણ અગાઉ બે ઝોનમાં પાણી વિતરણ કરવામાં આવ્યું હતું. જયારે નવી વ્યવસ્થાના અંતે હવે સવારે એક જ સમયે પાણીનો સપ્લાય આપવામાં આવે છે. પરંતુ પાણી વિતરણ વ્યવસ્થા હજુ અસરકારક બનાવવા શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં પાણી પુરવઠાની લાઈન નવી નાંખવાની અનિવાર્યતા ઉભી થઈ છે. તંત્ર દ્વારા શહેરના સે-૧ થી ૩૦ તેમજ શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ફતેપુરા, આદીવાડા, બોરીજ સહિતના ગામોમાં પાણી ફોર્સથી આપવા નવી લાઈન નાંખવા આયોજન કરવામાં આવ્યું છે. જયારે આ કામગીરી પાછળ રૂ. ૧.૨૫ કરોડનો ખર્ચ કરવામાં આવનાર છે. પાણી વિતરણ વ્યવસ્થા યોગ્ય કરવા અગાઉ પણ તંત્ર દ્વારા જરુરી અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.







Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com